## (A - 22) કુંવરીને ખમ્મા ખમ્મા કરતી

કુંવરીને ખમા ખમા કરતી, માતા જ્ઞાનામૃત પાતી.
‘ધમ્મો મંગલમુક્કિટ્ઠંના’ મંગલ પાઠો ભણતી,
માતા નિજ કુંવરીને પ્રેમે, ધર્મામૃત નિત પાતી.....કુંવરીને૦

શાન્ત વદન નિર્મળ નયનોમાં આત્મા ઉજ્જવળ જોતી,
ધર્મરતન થાશે મુજ કુંવરી, ભણકારા અનુભવતી.....કુંવરીને૦

‘અખંડ આનંદ ધ્રુવપદ તારું’ હાલરડાં શુભ ગાતી,
‘સિદ્ધપણાને સાધો કુંવરી’, આશિષ મંગલ દેતી.....કુંવરીને૦

જ્યોતિષીએ જ્યોતિષ જોયાં, આ કુંડળી કોઈ ન્યારી,
વિદેહની વિભૂતિ આવી, અદ્‌ભુત મંગળકારી.....કુંવરીને૦

આ કુંવરી છે સીમંધરનાં સ્મરણો ઉર ધરનારી,
‘કહાનગુરુ તીર્થંકર થાશે’—જિન ધુનિમાં સુણનારી..કુંવરીને૦

નિર્મળહૃદયી અલ્પભાષિની, મિષ્ટ વચન વદનારી,
અલિપ્ત રહેશે પરભાવોથી, નિજાનંદ રમનારી.....કુંવરીને૦

સીમંધરના નંદ પધાર્યા, શી પુણ્યાવલિ જાગી,
ઝૂલો ઝૂલો લાડલી મારી, આજે હું બડભાગી.....કુંવરીને૦

શાન્ત શીતળ પરમાણુ જગના, આવી વસ્યા તુજ તનમાં,
ઉપશમરસ-અવતાર જ્ઞાનસાગર ઊછળે અંતરમાં.....કુંવરીને૦

ચિરં જીવો ચિરં જીવો જગદમ્બા ભવતારી,
સ્વાનુભૂતિ મતિશ્રુત લબ્ધિથી વિશ્વ ઉજાળનહારી.....કુંવરીને૦